# અરવલ્લી જિલ્લામાં ઈદ-ઉલ-ફિત્રની ઉલ્લાસપૂર્વક ઉજવણી

## મોડાસામાં ઈદની નમાજ અદા કરાઈ : મોડાસા ચાર રસ્તા ધાર્મિક સૌહાર્દનું વાતાવરણ : હિન્દુ સમાજના અગ્રણીઓ દ્વારા મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક પાઠવ્યા

મોડાસા, તા. ૭

પવિત્ર રમઝાન માસ પુર્ણ થતા સમગ્ર દેશમાં ઈદ-ઉલ-ફિત્રની



ઉલ્લાસપુર્વક ઉજવણીમાં મુસ્લિમ બિરાદરોએ એક મેકને ઈદ મુબારકની શુભેચ્છા પાઠવી હતી. અરવલ્લી જિલ્લામાં ગુરૂવારે ઈદગાહમાં રમઝાન ઈદ નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી હતી. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી ઈદગાહમાં મોડાસા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા તમામ મુસ્લિમ બિરાદરોએ એકઠા થઈ નમાઝ અદા કરી એકબીજાને ગળે મળી ઈદ મુબારક પાઠવ્યા હતા. મોડાસા ચાર રસ્તા પર હિન્દુ-સમાજના અગ્રણીઓ દ્વારા હરોળબદ્ધ ઉભા રહી ઈદગાહમાં નમાઝ અદા કરી આવતા મુસ્લિમ બિરાદરોને ઈદમુબારક પાઠવતા ધાર્મિક સૌહાર્દનું વાતાવરણ પેદા થયું હતું.

અરવલ્લી જિલ્લાના મુસ્લિમ બિરાદરો દ્વારા ગત રાત્રીએ ચાંદ દેખાતા જ પવિત્ર રમઝાન માસ પુર્ણ થયો હતો અને ઈદની ઉજવણી શરૂ કરી હતી. જિલ્લાના તમામ ઈદગાહોમાં સવારથી જ અબાલ વૃદ્ધ સૌ નવા વસ્ત્રોમાં સજ્જ થઈ ઈદની વિશેષ નમાઝ અદા કરી એક મેકને ગળે ભેટી ઈદની મુબારક બાદ પાઠવી હતી. એકબીજાના ઘરે જઈ મુસ્લિમ બિરાદરોએ અરસપરસ ઈદની શુભકામના પાઠવી હતી તેમજ સૌ કોઈએ ખીર ખુરજા ખવડાવી મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. તેમજ મુસ્લિમ બિરાદરોએ ઈદગાહમાં નમાઝ અદા કરી પોતાના પૂર્વજોને યાદ કર્યા હતા અને કબ્રસ્તાનમાં પહોંચી તેમને પુષ્પાંજલિ અર્પી તેમના માટે પરિવારના વડીલોને અલ્લાહ જન્નતમાં રાખી ખુશહાલ બનાવે તેવી ઈબાદત પાઠવી હતી. મસ્જિદમાં નમાઝ અદા કરી બાળકોએ પણ ચકરડી, ચકડોળ અને ખાણીપીણીની દુકાનોમાં વિવિધ વાનગીઓની જયાફત ઉડાવી બાગ-





બગીચામાં ફરવા જઈ આનંદ ઉઠાવ્યો હતો.

મોડાસા શહેરના માલપુર રોડ ખાતે આવેલી ઈદગાહ પર વહેલી સવારથી જ શહેરના તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો ઈદની નમાઝ અદા કરવા ઉમટી પડ્યા હતા. માલપુર રોડ પર આવેલી ઈદગાહ પર નમાઝ અદા કરી પરત ફરતા મુસ્લિમ બિરાદરોને મોડાસા ચાર રસ્તા પર મોડાસા રથયાત્રા સમિતિના પ્રમુખ નિલેષ જોષી, નાના કાકા પ્રજાપતિ,





રમેશભાઈ કડીયા, જગદીશ પટેલ, જય અમીન તેમજ ભાજપાના અને કોંગ્રેસના અગ્રણી નેતાઓ, નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ તેમજ ચૂંટાયેલા કોર્પોરેટરો અને જિલ્લાના હિન્દુ અગ્રણીઓ હરોળબદ્ધ ઉભા રહી એકબીજાને ગળે મળી હર્ષોલ્લાસપૂર્વક ઈદ મુબારક બાદી પાઠવી કોમી એકતાના દશ્યો તાદશ્ય થયા હતા. જીલ્લા પોલીસતંત્રએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા ૧ ડીવાયએસપી, ૧ પીઆઈ, ૪ પીએસઆઈ અને ૭૦ પોલીસ કર્મીઓ દ્વારા શાંતિપૂર્વક વાતાવરણ પેદા કરી ફરજ બજાવી હતી.

# પાલનપુર ખાતે રમઝાન ઈદની ઉત્સાહભેર ઉજવણી

પાલનપુર, તા. ૭

પાલનપુર ખાતે આજે મુસ્લિમ બિરાદરોના પવિત્ર તહેવાર રમઝાન ઈદની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઈદ ઉલ ફિત્રની ઉજવણી નિમિત્તે આજે પાલનપુરની ઈદગાહ પર મુસ્લિમ બિરાદરો દ્વારા ખાસ નમાજ અદા કરવામાં આવી હતી.

પાલનપુરમાં કોમી એકલાસભર્યા વાતાવરણમાં ભારે હર્ષોલ્લાસ સાથે રમઝાન ઈદની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઈદ ઉલ ફિત્રની ઉજવણી પ્રસંગે શહેરના ગઠામણ દરવાજા પાસે આવેલી ઈદગાહ પર મુસ્લિમ બિરાદરો દ્વારા 'ખુદબા'ની વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી.



રમઝાન માસમાં એક મહિનાના રોઝા બાદ આજે ભારે ઉત્સાહપૂર્વક 'રમઝાન ઈદ'ની ઉજવણી કરવામાં આવી હતી. ઈદ ઉલ ફિત્રની નમાજ બાદ મુસ્લિમ બિરાદરોએ એકમેકને ઈદની મુબારકબાદી પાઠવી હતી.

શહેર કાઝીએ કોમી એકતા પર ભાર મુકતા દેશમાં અમન ઓર ચમન બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ વિશેષ નમાજ અદા કરવામાં પાલનપુર પંથકમાંથી હજારો મુસ્લિમ બિરાદરો ઉમટી પડ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લામાં ઈદ પર્વ ઉજવાયું

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે મુસ્લિમોના પવિત્ર તહેવાર ગણાતા ઈદની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી. જે અંતર્ગત મુસ્લિમ બિરાદરોએ ધર્મ સ્થળે જઈને નમાજ અદા કર્યા બાદ એકબીજાને ભેટી ઈદમુબારક પાઠવ્યા હતા. જોકે ઈદ પર્વ નિમિત્તે કોઈ અનિચ્છનીય ઘટના ન બનતા પોલીસ તંત્રએ રાહતનો દમ લીધો હતો. ઈદ પર્વ નિમિત્તે હિંમતનગરના જુના બલવંતપુરા પાસે આવેલ ઈદગાહમાં સવારે ૮.૩૦ કલાકે મુસ્લિમ બિરાદરોએ નમાજ અદા કર્યા બાદ એકબીજાને ભેટીને ઈદમુબારક પાઠવ્યા હતા.

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે ગુરૂવારે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિયાહ જાફરી મશાયખી મોમીન જમાતના મુસ્લિમ બિરાદરો દ્વારા તલાવ વિભાગમાં આવેલ શિયાહ જમાતની મસ્જિદ ખાતે સામુહિક નમાઝ અદા કરવામાં આવી હતી. જ્યારે સુન્ની જમાત દ્વારા તલાવ તથા પહાડીયા વિસ્તારના મુસ્લિમ બિરાદરો તલાવ વિભાગમાં એક હજારથી વધુની સંખ્યામાં જુલુસ સ્વરૂપે ગાંધીચોક, પરબડી, દરબારગઢ વિસ્તાર થઈ ઈદગાહ ખાતે જઈ નમાજ અદા કરી હતી. પોશીના તાલુકા મથકે મુસ્લિમ સમાજ દ્વારા ઈદુલફીત્ર (ઈદ)ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ઈદગાહમાં જઈ નમાજ અદા કરાયા બાદ મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ભેટી ઈદમુબારક પાઠવ્યા હતા. તેજ પ્રમાણે લાંબડીયામાં રહેતા મુસ્લિમ બિરાદરોએ ઈદ નિમિત્તે સવારે નમાજ અદા કર્યા બાદ એકબીજાને ભેટી ઈદમુબારક પાઠવ્યા હતા.



પ્રાંતિજ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી અને ધંધારોજગાર બંધ પાડી એક બીજાને ભેટીને ઈદ મુબારક પાઠવવામાં આવ્યા હતા. છેલ્લા એક મહિનાથી મુસ્લિમ બિરાદરો રોઝા રાખી ખુદાની બંદગી કરી વહેલી સવારથી લઈને મોડી સાંજ સુધી અન્ન પાણીનો ત્યાગ કરી સમગ્ર માસ દરમ્યાન મુસ્લિમ ભાઈ-બહેનો ઈબાદતમાં વ્યસ્ત રહે છે. રોઝા રાખવાની સાથે જ કુરાન પઠન કરી અને રાત્રીના સમયે અદા કરાતી તરાવીહની ખાસ નમાઝનું આ માસ દરમ્યાન ખુબ મહત્વ હોય છે. જ્યારે ઈદની નમાઝ સાથે જ ઉજવણીનો પ્રારંભ થાય છે અને એકબીજાને ભેટીને ઈદ મુબારક પાઠવવામાં આવે છે અને એક બીજાના ઘરે જાય છે. જ્યારે પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા પણ મુસ્લિમ વિસ્તારમાં જઈને ડોર ટુ ડોર મુસ્લિમ બિરાદરોને ગળે મળી હાથ મિલાવીને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી.

# ડીસામાં રમઝાન ઈદની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

ડીસા, તા. ૭

મુસ્લિમ સમાજમાં પવિત્ર ગણાતા રમઝાન માસનો અંતિમ રોજો ગઈકાલે પૂર્ણ થયો હતો. મુસ્લિમ બિરાદરોએ રમઝાન માસના ૩૦ દિવસ રોજા રાખી અલ્લાહની બંદગી અને નેકી કરી પુણ્યનું ભાથું બાંધ્યું હતું. જેમાં આજે સવારે સમગ્ર ડીસા પંથકના મુસ્લિમ બિરાદરોએ ગવાડી ખાતે આવેલી ઈદગાહ મસ્જિદમાં ઈદની નમાજ અદા કર્યા બાદ એકબીજાને ગળે મળી ઈદની મુબારક પાઠવી હતી. ઈદ ઉલ ફિત્ર નિમિત્તે મુસ્લિમ વિસ્તારોમાં સર્વત્ર ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો હતો.

આજે બનાસકાંઠાના ડીસા શહેરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ગત રાત્રીએ ચાંદ દેખાતા જ પવિત્ર રમઝાન માસ પૂર્ણ થયો હતો અને ઈદની ઉજવણી શરૂ કરી હતી. જેમાં ડીસાની ગવાડી ખાતે આવેલી પ્રસિદ્ધ ઈદગાહ ખાતે સવારથી જ આબાલ વૃદ્ધ સૌ નવા વસ્ત્રોમાં સજ્જ થઈ ઈદની વિશેષ નમાજ અદા કરી એક મેકને ગળે ભેટી ઈદની મુબારક બાદ પાઠવી હતી.



એક બીજાના ઘરે જઈ મુસ્લિમ બિરાદરોએ અરસ-પરસ ઈદની શુભ કામના પાઠવી હતી તેમજ સૌ કોઈએ ખીર-ખુરજા ખવડાવી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. તો વળી આજ રોજ મુસ્લિમ બિરાદરોએ ઈદગાહમાં નમાજ અદા કરી પોતાના પૂર્વજોને યાદ કર્યા હતા અને કબ્રસ્તાનમાં પહોચી તેમને પુષ્પાંજલિ અર્પી તેમના માટે પરિવારના વડીલોને અલ્લાહ જન્નતમાં રાખી ખુશહાલ બનાવે તેવી ઈબાદદ કરી હતી. મસ્જિદોમાં નમાઝ અદા કર્યા બાદ બાળકોએ પણ ચકરડી, ચકડોળ અને ખાણી-પીણીની દુકાનોમાં વિવિધ વાનગીનો જયાફત ઉડાવી હતી. આમ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ રીતે હર્ષોલ્લાસ અને ઉમંગભેર ઈદના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

## ધાનેરા વિસ્તારમા અકસ્માતોની હારમાળા : ત્રણ કલાકમાં ત્રણ અકસ્માત : ૧નું મોત, ત્રણ ઘાયલ

આજે વહે સવાર થી જ જાણે યમરાજા એ ધાનેરા માં ધામ નાખ્યા હોય તેમ એક બાદ એક અકસ્માત સર્જાતા રહ્યા છે ત્રણ કલાક માં ત્રણ અકસ્માત સર્જાયા છે જેમાં એક મહિલા નું મોત નીપજ્યું છે તો અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ પણ થયા છે

ધાનેરા તાલુકા આ સરાલ અને નાંદલ ગામ વચ્ચે ૬૦ વષીય વૃદ્ધ રોડ ની સાઈડ માં ચાલી રહ્યા હતા તે સમયે અચાનક બાઈ ચાલકે



ટક્કર મારતા વૃદ્ધ જમનાબેન સેંધાભાઈ અને બાઈક ચાલાક દિનેશભાઈ તેજાભાઈ ને પણ ગંભીર ઈજા થવા પામી હતી તે બાદ ધાનેરા તાલુકા ના સેકન્ડ ગામે પણ રીક્ષા પલટી ખાઈ જતા સુરેશભાઈ પીઠાભાઈ ડાભીને ગંભીર ઈજા થવા પામી હતી તો બીજી તરફ ધાનેરા તાલુકા ના આલવાળા ગામ પાસે બાઈક પરથી ૨૪ વષીય સાવિત્રીબેન ગોવિંગભાઈ વાલ્મિકી પડી જતા લોકો ધ્વરા ૧૦૮ ને જાણકર્તા ૧૦૮ ના પાયલોટ રજનીકાંત રાવલ અને એ.એમ ટી ભરતભાઈ પટેલ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલ યુવતી ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડી હતી જ્યાં યુવતી નું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું સતત સેવા આપનાર ૧૦૮ ના પાયલોટ રજનીકાંત રાવલ અને એ.એમ ટી ભરતભાઈ પટેલ ની કામગીરી ધાનેરા માં લોકોએ બિરદાવી હતી.

# પોશીનાના દેડકામાં જમીનના ઝઘડામાં પુત્રએ પિતાની હત્યા કરી

જર, જમીન અને જોરુ કજીયાના છોરું એક કહેવતને યથાર્થ કરતો એક કિસ્સો મંગળવારે સાબરકાંઠા જીલ્લાના પોશીના તાલુકાના દેડકા ગામે બન્યો હતો. જેમાં જમીન બાબતે ચાલતા ઝઘડામાં ખુદ પુત્રએ ઉશ્કેરાઇ જઇ પિતા પર છરી વડે હુમલો કરી હત્યા કરી નાખી હતી. જોકે ઝઘડો અટકાવવા માટે વચ્ચે પડેલા બે ભાઈઓને પણ ઈજા થઈ હતી. હત્યાની ઘટના અંગે બુધવારે ખેરોજ પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ દેડકા ગામે રહેતા પ્રભુભાઈ હાંસાભાઈ પરમાર (ઉ.વ.૩૮) ને છેલ્લા કેટલાક સમયથી તેમના પિતા અને બે ભાઈઓ વચ્ચે જમીન બાબતે ઝઘડો ચાલતો હતો. જેથી આ વિવાદ નિપટાવવા માટે સમાજના રીત-રિવાજ મુજબ પંચોને બોલાવી ચર્ચા કરવામાં આવતી હતી. તેમ છતાં હાંસાભાઇ હોનાભાઇ પરમાર (ઉ.વ.૬૦) તથા પ્રભુભાઇના ભાઇ ગોવિંદભાઇ પરમાર (ઉ.વ.૨૫) અને નાગજીભાઇ પરમાર (ઉ.વ.૩૦) વચ્ચે ચાલતા ઝઘડાનું નિરાકરણ થતું ન હતું અને બંને ભાઇઓ તથા તેમના પિતા દ્વારા પ્રભુભાઇને તેમના હક્કની જમીન ન આપી ત્રાસ ગુજારવામાં આવતો હતો.

બીજી તરફ મંગળવારે પ્રભુભાઇના કાકાના ઘરે છોકરીના લગ્નમાં જમીન બાબતે પિતા અને ભાઇઓ વચ્ચે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પ્રભુભાઇએ ઉશ્કેરાઇ જઇ પિતા હાંસાભાઇ પરમાર પર છરીના ઘા મારી ગંભીર ઇજા પહોંચાડતા હાંસાભાઇનું ઘટના સ્થળે મોત નિપજયુ હતું. જોકે આ ઝઘડો અટકાવવાના આશયથી પ્રભુભાઇના ભાઇ ગોવિંદભાઇ પરમાર અને નાગજીભાઇ પરમાર વચ્ચે પડયા હતા. જેથી તે બંનેને પણ ઇજા થતા સારવાર માટે ૧૦૮ દ્વારા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવી પ્રાથમિક સારવાર અપાવ્યા બાદ બંને ભાઇઓને વધુ સારવાર માટે ઇડરની લાઇફ લાઇન હોસ્પિટલમાં ખસેડાયા હતા.

હત્યાની ઘટના અંગે ગોવિંદભાઇ પરમારે પોતાના ભાઇ પ્રભુભાઇ પરમાર વિરૂધ્ધ બુધવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ઇન્ચાર્જ પી.એસ.આઇ. એસ.વી.ચૌધરીએ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.





## પાલનપુરમાં સિધ્ધ આયુર્વેદિક ઔષધાલયનો શુભારંભ

અષાઢી બીજના મંગલ દિને પાલનપુરમાં આવેલ સિલ્વર આર્કેડ મોલ, બારડપુરા ખાતે ડૉ. વિણા મણીલાલ વ્યાસ (એમ.ડી. આયુર્વેદિક)ના સિધ્ધ આયુર્વેદિક ઔષધાલયનો શુભારંભ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોષીના વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો.

પાલનપુરના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ મણીલાલ વૈદ્યની સુપુત્રી ડૉ. વીણાબેનના આ આયુર્વેદિક હોસ્પિટલના શુભારંભ પ્રસંગે પછાત જાતિ વિકાસ નિગમના ડાયરેક્ટર દોલતપુરી ગૌસ્વામી, પરશુરામ પરિવારના ડામરાજી રાજગોર, શૈલેષભાઈ શાસ્ત્રી, સિદ્ધપુરના શાસ્ત્રી સોમનાથજી સહિત શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહી ડૉ. વિણાબેનને શુભેચ્છા પાઠવી હતી.